The Electoral Commission




# મતદાર ID – તમારી માર્ગદર્શિકા

મે 2023 ઇંગ્લિશ સ્થાનિક ચૂંટણી માટે ફોટો ID વિશે તમારે જાણવું જરૂરી છે તે બધુ જ

The
Electoral
Commission

## ગુરુવાર 4 મે 2023ના રોજ ઇંગ્લેન્ડમાં સ્થાનિક ચૂંટણીઓ યોજાવાની છે.

આ ચૂંટણીઓમાં, તમે મતદાન મથક પર મતદાન કરી શકો તે માટે ફોટો ID લાવવાની જરૂર પડશે.

આ પુસ્તિકા સમજાવશે કે તમે મત આપવા માટે કયા પ્રકારના ફોટો IDનો ઉપયોગ કરી શકો છો. જો તમને જરૂર હોય તો મતદાર અધિકૃતતા પ્રમાણપત્ર તરીકે ઓળખાતા મફત મતદાર ID દસ્તાવેજ માટે કેવી રીતે અરજી કરવી તે પણ તેમાં સમજાવ્યું છે.

# હું મતદાન માટે કેવી રીતે નોંધણી કરાવું?

આ ચૂંટણીઓમાં મતદાન કરવા માટે, તમારે **સોમવાર 17 એપ્રિલ 2023ના રોજ સાંજે 11:59** સુધીમાં મત આપવા માટે નોંધણી કરાવવી આવશ્યક છે.

જો તમે ક્યારેય નોંધણી કરાવી ન હોય, તાજેતરમાં કોઇ અલગ સરનામા પર ગયા હોવ અથવા તમારું નામ બદલ્યું હોય, તો ઑનલાઇન મત આપવા માટે gov.uk/register-to-vote પર નોંધણી કરો. તમે પેપર અરજી ફ઼ોર્મ ભરીને પણ અરજી કરી શકો છો.

જો તમને મત આપવા માટે નોંધણી કરાવવામાં મદદની જરૂર હોય અથવા અરજી ફ઼ોર્મની વિનંતી કરવા માંગતા હોય, તો તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો.

તમારી સ્થાનિક કાઉન્સિલની સંપર્ક વિગતો શોધવા માટે **electoralcommission.org.uk/voter** ની મુલાકાત લો અથવા **0800 328 0280** પર અમારી હેલ્પલાઇન પર કૉલ કરો.

# હું કઇ ચૂંટણીમાં મતદાન કરું છું?

ઇંગ્લેન્ડના 230 વિસ્તારોમાં **ગુરુવાર 4 મે 2023**ના રોજ સ્થાનિક ચૂંટણીઓ યોજાઇ રહી છે, જેમાં સ્થાનિક કાઉન્સિલ, મેયર અને પેરિશ ચૂંટણીઓનો સમાવેશ થાય છે.

તમારા વિસ્તારમાં ચૂંટણીઓ થઇ રહી છે કે નહીં તે જાણવા માટે **electoralcommission.org.uk/voterID** પર જાઓ

અથવા **0800 328 0280** પર અમારી હેલ્પલાઇનને કૉલ કરો.


તમારે માત્ર એક પ્રકારનું ફોટો ID બતાવવાની જરૂર પડશે, પરંતુ તે મૂળ સંસ્કરણ હોવું જરૂરી છે અને ફોટોકોપિ હોવી જોઇએ નહીં.

મતદાન મથક પર મત આપવા માટે તમે નીચેના કોઇપણ સ્વીકૃત પ્રકારના ફોટો IDનો ઉપયોગ કરી શકો છો.



**આંતરરાષ્ટ્રીય પ્રવાસ**

પાસપોર્ટ



**સ્થાનિક પ્રવાસ**

અમુક કન્સેશનરી ટ્રાવેલ કાર્ડ




**ડ્રાઇવિંગ અને પાર્કિંગ**

- ડ્રાઇવિંગ લાઇસન્સ (કામચલાઉ લાઇસન્સ સહિત)
- બ્લુ બેજ



**સરકાર દ્વારા ઇશ્યુ કરાતા અન્ય દસ્તાવેજો**

- બાયોમેટ્રિક ઇમિગ્રેશન દસ્તાવેજ
- સંરક્ષણ ઓળખ કાર્ડ
- રાષ્ટ્રીય ઓળખ કાર્ડ



**ઉંમરનો પુરાવો**

પાસ માર્ક સાથેનું ઓળખ પત્ર (વયના ધોરણો યોજનાનો પુરાવો)

જો તમારી પાસે સ્વીકૃત પ્રકારનું ફોટો ID જૂનું થઇ ગયેલું હોય, તો પણ જો તે હજુ પણ તમારા જેવું જ દેખાતું હોય તો તમે મતદાન મથક પર મતદાન કરવા માટે તેનો ઉપયોગ કરી શકો છો.

જો તમારી પાસે પહેલેથી જ સ્વીકૃત પ્રકારનું ફોટો ID ન હોય અથવા તમને ખાતરી નથી કે તમારું ફોટો ID હજુ પણ તમારા જેવું જ દેખાય છે, તો તમે મફત મતદાર ID દસ્તાવેજ માટે અરજી કરી શકો છો, જેને મતદાર અધિકૃતતા પ્રમાણપત્ર તરીકે ઓળખવામાં આવે છે.

તમે મતદાર અધિકૃતતા પ્રમાણપત્ર માટે અરજી કરો તે પહેલાં તમારે મત આપવા માટે નોંધણી કરાવવી જરૂરી છે. જ્યારે તમે મત આપવા માટે નોંધણી કરાવો, ત્યારે તમને પૂછવામાં આવશે કે તમારી પાસે ફોટો ID છે કે નહીં અથવા તમે મતદાર અધિકૃતતા પ્રમાણપત્ર માટે અરજી કરવા માંગો છો કે નહીં.

કયા પ્રકાર ID સ્વીકારવામાં આવશે તે વિશે વધુ માહિતી માટે **electoralcommission.org.uk/voterID** ની મુલાકાત લો

અથવા **0800 328 0280** પર અમારી હેલ્પલાઇનને કૉલ કરો.

# મતદાતા અધિકૃતતા પ્રમાણપત્ર માટે અરજી કરવી

25

મતદાર અધિકૃતતા પ્રમાણપત્રનો આ ચૂંટણીઓમાં ઉપયોગ કરવા માટે અરજી કરવાની છેલ્લી તારીખ **મંગળવાર 25 એપ્રિલના રોજ સાંજે 5** છે, પરંતુ જો તમારી સ્થાનિક કાઉન્સિલને તમારી સાથે કોઇપણ વિગતો તપાસવાની જરૂર હોય તો તમારે શક્ય તેટલી વહેલી તકે અરજી કરવી જોઇએ.

તમે મતદાર અધિકૃતતા પ્રમાણપત્ર માટે ઑનલાઇન અરજી કરી શકો છો **voter-authority-certificate.service.gov.uk**

તમે પેપર એપ્લિકેશન ફોર્મ ભરીને અને તમારી સ્થાનિક કાઉન્સિલને મોકલીને પણ અરજી કરી શકો છો. તમે તમારી સ્થાનિક કાઉન્સિલ ઑફિસમાં રૂબરૂમાં પણ અરજી આપી શકશો.

જો તમને મતદાર અધિકૃતતા પ્રમાણપત્ર માટે અરજી કરવામાં કોઇ મદદની જરૂર હોય અથવા અરજી ફોર્મની વિનંતી કરવા માંગતા હોવ, તો તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો. તેમના સંપર્કની વિગતો શોધવા માટે મુલાકાત લો- **electoralcommission.org.uk/voter** અથવા **0800 328 0280** નંબર પર અમારી હેલ્પલાઇનને કૉલ કરો.

# જ્યારે હું મતદાર અધિકૃતતા પ્રમાણપત્ર માટે અરજી કરું ત્યારે મારે કઇ માહિતી આપવી જરૂરી છે?

મતદાર અધિકૃતતા પ્રમાણપત્ર માટે અરજી કરતી વખતે, તમારે તમારી આ વિગતો પ્રદાન કરવાની જરૂર પડશે:

- **નામ**
- **સરનામું**
- **જન્મ તારીખ**
- **રાષ્ટ્રીય વીમા નંબર**

જો તમે તમારો રાષ્ટ્રીય વીમા નંબર ખબર નથી જાણતા અથવા તમારી પાસે નથી, તો પણ તમે અરજી કરી શકો છો. તમારી કાઉન્સિલ તમારી ઓળખના વૈકલ્પિક પુરાવાની વિનંતી કરવા તમારો સંપર્ક કરશે.

તમારે તમારી અરજી સાથે ફોટોગ્રાફ સબમિટ કરવાની પણ જરૂર પડશે. ફોટોગ્રાફ માટેની આવશ્યકતાઓ પાસપોર્ટ ફોટો માટેની જરૂરિયાતો જેવી જ છે.

**electoralcommission.org.uk/voterID** પર જરૂરિયાતો વિશે વધુ જાણો

અથવા **0800 328 0280** પર અમારી હેલ્પલાઇનને કૉલ કરો.

# મતદાન કેન્દ્ર પર શું થશે?

જ્યારે તમે મતદાન મથક પર આવો, ત્યારે સ્ટાફનો સભ્ય આ કરશે:

1. તમને તમારું નામ અને સરનામું પૂછશે જેથી તેઓ તમને ચૂંટણી રજિસ્ટરમાં શોધી શકે
2. તમારું ફોટો ID માંગશે અને તે સ્વીકાર્ય છે કે કેમ તે તપાસ કરશે
3. જો તમારું ID સ્વીકાર્ય હશે, તો તેઓ તમને તમારું બેલેટ પેપર આપશે અને તેને હંમેશની જેમ પૂર્ણ કરવા માટે તમને મતદાન મથકમાં જવાનો નિર્દેશ કરશે.

મતદાન મથક પર એક ખાનગી વિસ્તાર ઉપલબ્ધ હશે, જેથી તમે ઇચ્છો તો તમારું ફોટો ID ખાનગીમાં જોવાનું પસંદ કરી શકો. મતદાન મથકના આધારે આ એક અલગ રૂમ અથવા ગોપનીયતા સ્ક્રીન દ્વારા અલગ કરેલો વિસ્તાર હોઇ શકે છે.

મતદાન મથકનો સ્ટાફ મદદ માટે ઉપસ્થિત હોય છે. જો તમને કોઇપણ સમયે સહાયની જરૂર હોય, નિઃસંકોચ કહો.

મત આપવા માટે કોઇ અન્ય રીત છે?

# પોસ્ટ દ્વારા મતદાન

પોસ્ટ દ્વારા મત આપવા માટે તમારે ફોટો ID આપવાની જરૂર નથી.

18

પોસ્ટ દ્વારા મત આપવા માટે અરજી કરવા માટે, તમારે પોસ્ટલ વોટ અરજી ફોર્મ ભરવાનું રહેશે અને ખાતરી કરો કે તે તમારી સ્થાનિક કાઉન્સિલને **મંગળવાર 18 એપ્રિલ 2023ના રોજ સાંજે 5** સુધીમાં મળી જાય.

તમને તમારું બેલેટ પેપર પોસ્ટમાં પ્રાપ્ત થશે. તમારું બેલેટ પેપર પૂરું કરો અને પરત કરો અને ખાતરી કરો કે તમે તેને તમારી સ્થાનિક કાઉન્સિલમાં **ગુરુવાર 4 મેના રોજ સાંજે 10** સુધીમાં પહોંચવા માટે પૂરતો સમય આપો છો. જો તમે તમારા પોસ્ટલ મતનું પૅક સમયસર પોસ્ટ ન કરી શકો, તો તમે તેને તમારા મતદાન મથક પર અથવા મતદાનના દિવસે તમારી સ્થાનિક કાઉન્સિલ ઑફિસમાં લઇ જઇ શકો છો.

## પ્રોક્સી દ્વારા મતદાન

(તમારી વિશ્વાસુ કોઇ વ્યક્તિને તમારા વતી મત આપવાની મંજૂરી આપવી)

25

પ્રોક્સી દ્વારા મત આપવા માટે અરજી કરવા માટે, અરજી ફોર્મ ભરો અને તે ફોર્મ મંગળવાર **25 એપ્રિલ 2023ના રોજ સાંજે 5** સુધીમાં તમારી સ્થાનિક કાઉન્સિલ સુધી પહોંચતું કરો.

તમે જે વ્યક્તિને તમારા વતી મત આપવા માટે પસંદ કરો છો તેમણે મતદાન કરવા માટે તમારા મતદાન મથક પર જવું પડશે અને તમારો મત આપી શકે તે માટે તેમનું પોતાનું ફોટો ID બતાવવાની જરૂર પડશે. તમારા વતી મતદાન કરતી વખતે તેમને તમારું ID બતાવવાની જરૂર રહેશે નહીં.

કટોકટીની સ્થિતિમાં જ્યાં તમે મતદાન મથક પર રૂબરૂ જઇ શકો તેમ ન હોય, તો તમે **ગુરુવાર 4 મેના રોજ સાંજે 5** સુધી ઇમરજન્સી પ્રોક્સી માટે અરજી કરી શકો છો.

વધુ માહિતી માટે અથવા પ્રોક્સી અરજીનું ફોર્મ કેવી રીતે મેળવવું તેની માહિતી મેળવવા માટે, **electoralcommission.org.uk/voter** ની મુલાકાત લો અથવા **0800 328 0280** પર અમારી હેલ્પલાઇનને કૉલ કરો.

# કેવી રીતે હું વધુ શોધી શકું?

આ પુસ્તિકા ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવી છે.

ચૂંટણી પંચ એ સ્વતંત્ર સંસ્થા છે જે યુકેમાં ચૂંટણીઓ પર દેખરેખ રાખે છે અને રાજકીય ફાઇનાન્સનું નિયમન કરે છે. અમે લોકશાહી પ્રક્રિયામાં લોકોના વિશ્વાસને પ્રોત્સાહન આપવા માટે અને લોકશાહીની અખંડિતતાને સુનિશ્ચિત કરવા માટે કામ કરીએ છીએ.

## અમને ફોલો કરો

@ElectoralCommUK

facebook.com/ElectoralCommissionUK

@ElectoralCommissionUK

The
Electoral
Commission

- [ ] તમે મત આપવા માટે નોંધણી કરાવી છે?
- [ ] તમારી પાસે ફોટો ID છે?
- [ ] મારે મતદાન કેન્દ્ર પર ફોટો ID સાથે લઇ જવાનું છે?
- [ ] જો ન હોય તો, મે મફત મતદાર ID માટે અરજી કરી છે?
- [ ] મેં મતદાન કર્યું છે?

2023માં સ્થાનિક ચૂંટણીઓમાં મતદાન કરવા માટે નોંધણી કરાવવાની સમયસીમા **સોમવાર 17 એપ્રિલના રોજ સાંજે 11:59** સુધી છે.

2023ની સ્થાનિક ચૂંટણીઓ માટે મતદાર અધિકૃતતા પ્રમાણપત્રની અરજી કરવાની સમયસીમા **મંગળવાર 25 એપ્રિલના રોજ સાંજે 5** સુધીની છે.

આ અંગેની વધુ માહિતી માટે **electoralcommission.org.uk/voterID** ની મુલાકાત લો અથવા **0800 328 0280** પર કૉલ કરો:

- મતદાન કરવા માટે નોંધણી કરાવવી
- મતદાન કરતી વખતે કયું ID સ્વીકારવામાં આવશે
- મફત મતદાર ID માટે કેવી રીતે અરજી કરવાની